GENERATION NEW ERA

A STUDY OF CHILDREN BORN IN THE 2020s

UCL
University College London

તમને જનરેશન ન્યુ એરાનો ભાગ બનવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે

પ્રિય માતા-પિતા,

અમે તમને 2026 માં જન્મેલા 30,000 બાળકો અને તેમના પરિવારોના એક નવા અભ્યાસ - **જનરેશન ન્યુ એરાનો ભાગ બનવા માટે** આમંત્રિત કરવા માટે લખી રહ્યા છીએ. તમને યાદ હશે કે થોડા મહિના પહેલા અમારા તરફથી એક પત્ર મળ્યો હતો.

આ અભ્યાસ બાળકોના આરોગ્ય અને આપણી બદલાતી દુનિયામાં તેઓ કેવી રીતે મોટા થાય છે તે વિશે મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક માહિતી એકત્રિત કરે છે. આનાથી સમગ્ર UK માં પરિવારો માટેની સહાયમાં સુધારો કરવામાં મદદ મળશે. આમાં માતાઓ અને પિતાઓના અને તેમના બાળક વિશેના ઇન્ટરવ્યુનો સમાવેશ થાય છે.

શેનો સમાવેશ થાય છે અને અમે તમને શું પૂછીશું એના વિશે વધુ માહિતી તમે gnestudy.info પર શોધી શકશો, જ્યાં તમને અભ્યાસ માર્ગદર્શિકાની એક નકલ પણ મળશે. ભાગ લેવો કે નહીં તે તમારી પસંદગી છે અને તમે કોઈપણ સમયે પાછા હટી શકો છો. ભાગ લેવા માટે આભાર તરીકે, **ભાગ લેનાર દરેક માતા-પિતાને એક વાઉચર મળશે**.

જનરેશન ન્યુ એરાનું નેતૃત્વ યુનિવર્સિટી કોલેજ લંડન (UCL) કરે છે. ઇન્ટરવ્યુ ત્રણ સ્વતંત્ર સંશોધન સંસ્થાઓ – Ipsos, NatCen અને Verian દ્વારા હાથ ધરવામાં આવશે. આની ચુકવણી ઇકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે.

હવે આગળ શું થશે?

- આગામી દિવસોમાં **એક મૈત્રીપૂર્ણ, તાલીમ પામેલ ઇન્ટરવ્યુઅર તમારા ઘરે આવશે** અને તમને અભ્યાસ વિશે માહિતી આપશે અને તમારા કોઈપણ પ્રશ્નોના જવાબ આપશે. **જો તમે બહાર હો, અથવા એ અનુકુળ ન હોય**, તો તેઓ કોઈ અન્ય સમયે પાછા આવશે.
- **જો તમે ભાગ લેવા ઇચ્છતા હો**, તો ઇન્ટરવ્યુઅર તમને અનુકૂળ હોય તેવા સમયે એક ઇન્ટરવ્યુની વ્યવસ્થા કરશે. **તમારા ઇન્ટરવ્યુઅર પાસે એક ફોટોવાળું ઓળખપત્ર હશે** જેથી તમે તપાસી શકશો કે તેઓ કોણ છે.
- અમારી પાસે ફક્ત તમારું નામ અને સરનામું હોવાથી, ઇન્ટરવ્યુઅર તમને ઇમેઇલ અથવા ટેક્સ્ટ કરી શકતા નથી. તમે તમારી સંપર્ક માહિતી અથવા મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય ipsos.uk/contactgne પર શેર કરી શકો છો.
- જો તમે ભાગ લેવા ન ઇચ્છતા હો, તો અમને **ફ્રીફોન** 0800 151 0610 અથવા gnestudy@ipsos.com પર જણાવો – અમે ઇન્ટરવ્યુઅરને જાણ કરીશું અને આગળ તમારો સંપર્ક નહીં કરીએ.

તમારી મદદ માટે અગાઉથી આભાર. અમે ખરેખર આશા રાખીએ છીએ કે તમે આ મહત્ત્વપૂર્ણ અભ્યાસનો ભાગ બનવાનું નક્કી કરશો. વધુ માહિતી માટે કૃપા કરીને અભ્યાસ માર્ગદર્શિકા અને આ પત્રની પાછળ આપેલા પ્રશ્નો અને જવાબો વાંચો.

સાદર,

પ્રોફેસર એલિસા ગુડમેન CBE અભ્યાસ નિયામક, UK
યુનિવર્સિટી કોલેજ લંડન

કૃપા કરીને પાનું ફેરવો →

આમાં શેનો સમાવેશ થાય છે?

અમે દરેક બાળકના જીવનનું સંપૂર્ણ ચિત્ર બનાવવામાં મદદ કરવા માટે માતાઓ અને પિતાઓ પાસેથી માહિતી મેળવવા માંગીએ છીએ. જો તમે તમારા બાળકના માતા-પિતામાંના અન્ય સાથે રહેતા હો, તો તેમને પણ આ પત્ર મળ્યો હોઇ શકે છે. માતા-પિતામાંથી એક માટે ઇન્ટરવ્યુઅર સાથે રૂબરૂ ઇન્ટરવ્યુમાં લગભગ 60 મિનિટ લાગશે અને બીજા માટે (જો તેઓ એ જ સરનામા પર રહેતા હોય), લગભગ 30 મિનિટ લાગશે, જે રૂબરૂ અથવા ઑનલાઇન કરી શકાશે. **અભ્યાસમાં ભાગ લેવો એ સંપૂર્ણપણે તમારા પર નિર્ભર છે.**

માતા-પિતામાંથી એકને અભ્યાસનું સ્માર્ટફોન એપ BabySteps (બેબીસ્ટેપ્સ) એપ ડાઉનલોડ કરવા માટે આમંત્રણ આપવામાં આવશે – તમે તમારા શિશુના જીવનના મહત્ત્વના પડાવો ટ્રેક કરી શકો છો અને સંશોધન સંબંધી પ્રવૃત્તિઓમાં ભાગ લઈને વધારાના વાઉચર કમાઈ શકો છો.

તમારું બાળક મોટું થાય તેમ તે કેમ છે તે જાણવા માટે અમે દર થોડા વર્ષે તમારી સાથે ફરીથી વાત કરવા માંગીશું – આગામી સમય સંભવતઃ તેઓ 3 વર્ષના થશે ત્યારે હશે. **તમે ભાગ લેવા માંગો છે કે નહીં તેનો નિર્ણય હંમેશા તમે પોતે જ લઈ શકશો.**

1946, 1958, 1970 અને 2000 માં જન્મેલા લોકોના રાષ્ટ્રીય અભ્યાસ સાથે,આ પ્રકારના સંશોધનમાં યુકે વિશ્વ અગ્રણી છે.

આ અભ્યાસ માટે મારી પસંદગી કેવી રીતે કરવામાં આવી?

આ અભ્યાસમાં એવા શિશુઓનો સમાવેશ થાય છે જે 2026માં જન્મ્યાં હતાં. અમે બધાને આમંત્રિત ન કરી શકીએ, પણ ભાગ લેવા માટે આમંત્રિત પરિવારો દરેક પ્રદેશ અને સમગ્રપણે યુકેની વિવિધતાને પ્રતિબિંબિત કરે છે.

ઇન્ગ્લેંડ, વેલ્સ અને સ્કોટલેન્ડમાં રહેતા પરિવારોને ઇન્ગલેન્ડ અને વેલ્સ માટે NHS England, અને પબ્લિક હેલ્થ સ્કોટલેન્ડ અને નેશનલ રેકોર્ડ્ઝ ઑફ સ્કોટલેન્ડ પાસેના જન્મના રેકોર્ડ્સનો ઉપયોગ કરીને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમણે તમારું નામ, સરનામું અને તમારા અને તમારા શિશુ વિશે વધારાની માહિતી પૂરી પાડી. નોર્ધર્ન આયર્લેન્ડમાં, પરિવારોને તમારા હેલ્થ ટ્રસ્ટ પાસેના માતૃત્વના રેકોર્ડ્સનો ઉપયોગ કરીને આમંત્રિત કરવામાં આવ્યા છે, જેમણે તમારું નામ, તમારું સરનામું અને તમારું અને તમારા શિશુનું જન્મનાં વર્ષની માહિતી આપી હતી.

અમારી પાસે NHS Englandના ડેટા માટેના સ્વતંત્ર એડવાઇઝરી ગ્રુપ, NHS Scotland પબ્લિક બેનિફિટ એન્ડ પ્રાઇવસી પેનલ અને નોર્ધર્ન આયર્લેન્ડ હેલ્થ એન્ડ સોશિયલ કેર ટ્રસ્ટ્સ પાસેથી મળેલ ખાસ મંજૂરી છે જેથી અમે આ રેકોર્ડ્સમાંથી તમારો સંપર્ક કરવા માટે માહિતી મેળવી શકીએ. કોન્ફિડેન્શિયાલિટી એડવાઇઝરી ગ્રૂપની સલાહને પગલે, દર્દીની ગોપનીય માહિતીના સંમતિ વિના ઉપયોગને હેલ્થ રિસર્ચ ઓથોરિટી તરફથી સમર્થન મળ્યું છે. તમારો ડેટા અને ગોપનીયતા સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓએ આ અભ્યાસની કાળજીપૂર્વક સમીક્ષા કરી છે.

જો હું મારા બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતો/રહેતી હોઉં તો શું?

દરેક બાળકના જીવનને સંપૂર્ણ રીતે સમજવામાં અમારી મદદ કરવા માટે, અમે એવી માતાઓ અથવા પિતાઓનો સમાવેશ કરવા માંગીએ છીએ જેઓ તેમના બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતા હોય. જો તમે તમારા બાળકના અન્ય માતા-પિતાથી અલગ રહેતા હો, તો અમે તમને તમારા ઇન્ટરવ્યૂ દરમિયાન તેમનો સંપર્ક કરવા વિશે પૂછીશું. જો તમે ઇચ્છતા હો કે અમે તમારા બાળકના અન્ય માતા-પિતાનો સંપર્ક ન કરીએ, અથવા જો તમને કોઇ ચિંતા હોય, તો તમે તમારા ઇન્ટરવ્યુઅરને જણાવી શકો છો.

મારી માહિતી કેવી રીતે સુરક્ષિત રાખવામાં આવે છે?

તમારા જવાબો સંપૂર્ણપણે ખાનગી રાખવામાં આવશે અને તેમનો ઉપયોગ માત્ર સંશોધન માટે જ કરવામાં આવશે. UCLને તમારા વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરવાની મંજૂરી છે કારણ કે આ અભ્યાસ તમારી વ્યક્તિગત માહિતીનું રક્ષણ કરતા કાયદા, GDPR હેઠળ જાહેર હિતના કાર્ય માટે હાથ ધરવામાં આવી રહ્યો છે. જો તમે ભાગ ન લેવાનું પસંદ કરો છો, તો જન્મના રેકોર્ડમાં તમારું અને તમારા બાળકનું નામ અને સરનામું રાખવામાં આવશે નહીં કે અન્ય કોઇ હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે નહીં. અમને એ સમજવામાં મદદ કરવા કે કોણ ભાગ લે છે અને કોણ નથી લેતું, અને તારણો UK ના પરિવારોની વિસ્તૃત શ્રેણીને દર્શાવે છે તે સુનિશ્ચિત કરવા માટે અમે જન્મના રેકોર્ડમાંથી અન્ય મર્યાદિત વસ્તી વિષયક માહિતીનો ઉપયોગ કરીશું. ત્યારબાદ અમે આ માહિતી સુરક્ષિત રીતે ડિલીટ પણ કરી દઈએ છીએ. સંપૂર્ણ વિગતો માટે, કૃપા કરીને **gnestudy.info/privacy પર અમારી ગોપનીયતા નોટિસ** જુઓ.